# શિશુવિહાર

પ્રથમ અંક : મે ૧૯૪૪ સદ્‌વિચારને આચરણમાં મૂકતી સંસ્થાનું સમાચાર પત્ર

સળંગ અંક : ૯૨૭ • ૧૫ ઑગસ્ટ ૨૦૨૨ • પાના : ૩૨ • વાર્ષિક લવાજમ રૂ.૫૦


## ભાવનગરનાં આંગણે
## સ્વ. શ્રી કાંતિસેનભાઈ શ્રોફ શતાબ્દી મહોત્સવ



નવી પેઢીના સર્વાંગી વિકાસ માટે સતત પ્રવૃત્ત તથા ઍક્સેલ ઈન્ડસ્ટ્રિઝનાં માધ્યમથી ગુજરાતની સ્વૈચ્છિક સંસ્થાઓ માટે સદૈવ પ્રેરણાસ્રોત રહેનાર સ્વ. શ્રી કાંતિસેનભાઈ શ્રોફ (કાકા)ના શતાબ્દી વર્ષ પ્રસંગે શિશુવિહાર સંસ્થાએ પણ વિવિધ શાળાઓ સુધી પહોંચી ૧૦,૦૦૦ વિદ્યાર્થીઓને ફર્સ્ટએડ અને આપત્તિ નિવારણ તાલીમ આપવાનો નિર્ધાર કર્યો છે.

પૂજ્ય કાકા સાથે ઉદ્યોગમાં કામ કરી કેળવાયેલ ઈજનેરો અને વિવિધ કૌશલ્ય સાથે જોડાયેલ ૧૦૦ તજજ્ઞો ૨૨ જૂને શિશુવિહાર પ્રાંગણમાં મળેલ સંમેલનમાં શ્રી દીપેશભાઈ શ્રોફના સાંનિધ્યમાં શિશુવિહારના સંકલ્પને આગળ ધપાવતા સંસ્થાના કાર્યકર શ્રી હરેશભાઈ ભટ્ટ, શ્રી નિકુલભાઈ મહેતા તેમજ પૂજ્ય કાંતિસેનભાઈને અત્યંત પ્રિય તેવી


તંત્રી, પ્રકાશક, મુદ્રકઃ ડૉ. નાનકભાઈ ભટ્ટ




❀ પ્રકાશન સ્થળ ❀

શિશુવિહાર, પ્લોટ નંબર ૫૦૭, ઉત્તર કૃષ્ણનગર, ભાવનગર, ૩૬૪૦૦૧



Website: www.shishuvihar.in Email: shishuviharbhavnagar@gmail.com
Facebook: Shishuvihar Bhavnagar Phone: (0278)2512850





સ્કાઉટ-ગાઈડ પ્રવૃત્તિના રોવર તાલીમાર્થીની મદદથી જુલાઈ માસ દરમિયાન ૭ શાળાઓના ૧૨૪૦ વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવી.

વાઘ બકરી (ટી) ફાઉન્ડેશનની CSR પ્રવૃત્તિ તરીકે આ તાલીમ ભાવગરનાં વિદ્યાર્થીઓનાં ઘડતરમાં અનન્ય યોગદાન આપી રહી છે, જે નોંધનીય બને છે. શિશુવિહાર દ્વારા અપાતી કૌશલ્ય વર્ધન તાલીમના સંકલન હેઠળ શ્રી કમલેશભાઈ વેગડ, રાજુભાઈ મકવાણા, કરણ ઠાકર, અનંત તથા પાર્થભાઈની સેવા નોંધનીય બને છે.





### CSR અંતર્ગત
### વાઘ બકરી ફાઉન્ડેશન, અમદાવાદનાં સૌજન્યથી
## પ્રાથમિક શાળાઓમાં પ્રાથમિક સારવાર-આપત્તિ નિવારણ તાલીમ

| શિબિર ક્રમાંક | જુલાઈ તારીખ | શાળાનું નામ | તાલીમાર્થી સંખ્યા |
|---|---|---|---|
| ૧૯૯ (૧) | ૨૬ | દોલત અનંત વળિયા શાળા | ૪૦૦ |
| ૨૦૦ (૨) | ૨૭ | મુક્તાલક્ષ્મી મહિલા વિદ્યાલય | ૧૪૦ |
| ૨૦૧ (૩) | ૨૮ | વિશુદ્ધાનંદ વિદ્યાલય | ૨૫૦ |
| ૨૦૨ (૪) | ૨૯ | એસ.કે. વિદ્યામંદિર શાળા | ૧૦૦ |
| ૨૦૩ (૫) | ૨૯ | એમ.કે.જમોડ શાળા | ૦૭૦ |
| ૨૦૪ (૬) | ૩૦ | મુક બધીર શાળા | ૨૦૦ |
| ૨૦૫ (૭) | ૩૦ | આહિર કન્યા કેળવણી સહાયક સમાજ છાત્રાલય | ૦૮૦ |
| | | કુલ | ૧૨૪૦ |

સંચાલકઃ શ્રી હરેશભાઈ ભટ્ટ

# કાંઠા વિસ્તારનાં ગામડાંઓ માટે આરોગ્ય શિબિર




ભાવનગરનાં ખાડી વિસ્તારનાં અત્યંત પછાત ગામડાંઓમાં ગ્રામજનોના આરોગ્યની કાળજી લેતી નિરમા ઈન્ડસ્ટ્રિઝના સહયોગથી જુલાઈ માસમાં ગામ કોટડા અને સવાઈનગરમાં આરોગ્ય શિબિર યોજાયેલ. જેમાં ૪૭૫ દરદીઓને નિદાન તેમજ જરૂરી દવા અને સારવાર આપવામાં આવી.





ભાવનગરનાં ઘોઘા વિસ્તારનાં ૮ ગામડાંઓ પૈકી ગામ જૂના રતનપર, ભૂંભલી, ભૂતેશ્વર તથા નવા રતનપરમાં શિશુવિહારની આરોગ્ય ટીમ દ્વારા ૬૦૦ વિદ્યાર્થીઓની આંખ તપાસ તથા આરોગ્ય તપાસ યોજાઈ. એગ્રોસેલ ઈન્ડસ્ટ્રિઝ લિમિટેડના સહયોગથી યોજાતા શિબિર દ્વારા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને મળતી તબીબી સારવા નોંધનીય બને છે.





જુલાઈ માસમાં યોજાયેલ કુલ ૭ શિબિરોના યજમાન ગામોની પ્રાથમિક શાળાઓમાં શિશુવિહાર સંસ્થાનાં બાળ પુસ્તકાલય અંતર્ગત ૧૦૦ પુસ્તકોનો સંપુટ તમામ આચાર્યશ્રીઓને ભેટ સ્વરૂપે આપવામાં આવેલ.



ભાવનગર જિલ્લાનાં ગામડાંઓના સ્વાસ્થ્યની કાળજી માટે વાઘ-બકરી ફાઉન્ડેશન દ્વારા મળેલ મેડિકલ વેનનાં વિશેષ સહયોગથી યોજાતા આરોગ્ય શિબિરોમાં ડૉક્ટરશ્રી અરવિંદભાઈ ત્રિવેદી, ટેકનિશયન શ્રી રેખાબહેન, અંકિતાબહેન ભટ્ટ તેમજ કાર્યક્રમનું સંકલન કરતા શ્રી રાજુભાઈ મકવાણા તથા શ્રી હીનાબહેન ભટ્ટની સેવા નોંધનીય બને છે.

## ભાવનગરના વિદ્યાર્થીઓ માટે વાઘ-બકરી ફાઉન્ડેશને વિસ્તારેલ આરોગ્ય અને તાલીમ સુવિધા



વિશ્વસ્તરે ગુજરાતની જાણીતી કંપની વાઘ-બકરી ચાના ઉપક્રમે ભાવનગરની શાળાઓમાં ભણતાં ગરીબ બાળકોને ફર્સ્ટએડ, આપત્તિ નિવારણ તાલીમ તથા આરોગ્યની જાળવણીનું કામ થઈ શકે તે માટે ૨૨ જુલાઈએ સંસ્થાની આરોગ્ય ટીમ સાથે એક બેઠક વાઘ બકરી (ટી પ્રોસેસિંગ હાઉસ) કોન્ફરન્સ હૉલ અમદાવાદમાં મળી હતી. ભાવનગરની જાણીતી સામાજિક સંસ્થા શિશુવિહારના સહયોગથી વાઘ-બકરી ફાઉન્ડેશનના ઉપક્રમે પ્રથમ અને બીજા શૈક્ષણિક સત્ર દરમિયાન શહેરની ૫૫ પ્રાથમિક શાળાઓમાં જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓની આંખ તપાસ અને લોહીમાં રહેલ રક્તકણોની તપાસ સાથે જરૂરિયાત મુજબ દવા સારવાર આપવા માટે કટિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી. શહેરનાં વિદ્યાર્થીઓ પ્રાથમિક સારવાર સાથે આપત્તિ નિવારણ સમયે સજાગ રહે તેવા હેતુસર ફાઉન્ડેશન થકી ૬૬૦૦ વિદ્યાર્થીઓ સુધી શિશુવિહારની સેવા પહોંચાડવા સહયોગ વિસ્તારાયો છે, જે નોંધનીય બને છે.

ભાવનગરને અગાઉના વર્ષોમાં મેડિકલ વેન જેવી સુવિધા આપી કાંઠા વિસ્તારના ગામડાંઓ માટે આરોગ્યની કાળજી લીધી છે. ત્યારે ભાવનગરની જાણીતી સેવા સંસ્થા શિશુવિહારના કાર્યો સાથે પોતાનો સહયોગ વિસ્તારનાર વાઘ-બકરી ચા ફાઉન્ડેશનનો સંસ્થા આભાર વ્યક્ત કરે છે.

**બાળ વયે આરોગ્ય અને જ્ઞાનની આપ-લે માં લેવાતી કાળજી**



**રાષ્ટ્રનું ભવિષ્ય બને છે. આજનાં વિદ્યાર્થીઓ જ દેશના સ્વસ્થ નાગરિક બને છે ત્યારે શિક્ષણ ભૂમિ ઉપરથી વાઘ-બકરી ફાઉન્ડેશન દ્વારા ભાવનગરનાં ભાવિ પેઢી માટે તાલીમ અને આરોગ્ય વિષયે કાળજી લેવાઈ છે, જે શહેરના સ્થાનિક ઉદ્યોગો માટે પણ પ્રેરણાસ્રોત બને છે. આશા રાખીએ કે ગરીબ અને કુપોષિત બાળકોનાં આરોગ્ય માટે પણ ભાવનગરનાં ઉદ્યોગો આગળ આવશે.**












WAGH BAKRI FOUNDATION

### CSR અંતર્ગત
### વાઘ બકરી ફાઉન્ડેશન, અમદાવાદનાં સૌજન્યથી
### નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત
### પ્રાથમિક શાળાઓમાં સ્વાસ્થ્ય શિબિર

| શિબિર ક્રમાંક | જુલાઈ તારીખ | શાળા નંબર અને વિસ્તાર | આંખ તપાસ | હીમોગ્લોબિન તપાસ | સ્વાસ્થ્ય તપાસ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૭ | ૦૮ પ્રભુદાસ તળાવ | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૨ | ૨૮ | ૧૧ વાલ્કેટ ગેટ | ૪૦ | ૪૦ | ૪૦ |
| ૩ | ૨૯ | ૧૩ ખેડૂતવાસ | ૪૦ | ૪૦ | ૪૦ |
| | | (કુલ ૩૬૦) | ૧૨૦ | ૧૨૦ | ૧૨૦ |

સંચાલક: શ્રી રાજુભાઈ મકવાણા

## જાગૃત વાલી તાલીમ



શિશુવિહાર બાલમંદિર અને ક્રીડાંગણ તાલીમ સાથે જોડાયેલ વિદ્યાર્થીઓનાં માતા-પિતા માટે શૈક્ષણિક સત્રના પ્રારંભે પ્રથમ તાલીમ ૨૩ જુલાઈ શનિવારે યોજાઈ. વાલી પોતાના બાળકોનાં ઉછેર પ્રત્યે સભાનતાથી કેળવાય તે દિશાના પ્રયત્ન તરીકે શ્રી શારદાબહેન ધીરજલાલ દેસાઈ સર્વાંગી તાલીમભવનનાં ઉપક્રમે છેલ્લાં બે વર્ષથી ચાલતા જાગ્રત વાલી તાલીમ કાર્યક્રમમાં વર્ષે ૧૨ પ્રવૃત્તિ થકી ૧૦૦ બાળકોના વાલીઓને બાળકોના મૂલ્યાત્મક, ભાવાત્મક અને વૈજ્ઞાનિક ઉછેર માટે કટિબદ્ધ કરવામાં આવે છે. આ ઉદ્દેશ સંબંધે પ્રથમ બેઠક ૨૩ જૂને યોજાઈ, જેમાં શિશુવિહાર બાલમંદિર તથા તાલીમાર્થીઓના ૨૦૦થી વધુ જાગૃત મા-બાપને મુંબઈની કોકિલાબહેન ધીરુભાઈ અંબાણી હૉસ્પિટલમાં બાળકોના આઈ.સી.યુ. ફેલો તરીકે ફરજ બજાવેલ ડૉ. ભૂષિત ગઢિયા દ્વારા માતા-પિતાને પોતાના બાળકોની આરોગ્ય સંભાળ, પોષક આહાર, બાળકોના શારીરિક વિકાસ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે શિશુવિહાર સંસ્થાની પરંપરા મુજબ સંસ્થાના સહમંત્રી શ્રી ઈન્દાબહેન ભટ્ટ દ્વારા ડૉ. ભૂષિત ગઢિયાનું પુસ્તક સંપુટથી સન્માન કરવામાં આવ્યું. આ કાર્યક્રમનું સંકલન શ્રી હીનાબહેન ભટ્ટ અને બાલમંદિરના શિક્ષિકા બહેનો તથા સંસ્થા કાર્યકરોએ કર્યું હતું. પૂરી સંખ્યામાં ઉપસ્થિત વાલીઓની જાગૃતિ અને બાળ ઉછેર માટેની કટિબદ્ધતા પ્રશંસનીય બને છે.



## મીડિયા સેલ



શિશુવિહાર સંસ્થાની શિક્ષણ અને સેવા પ્રવૃત્તિઓ સાથે પ્રતિ વર્ષ જોડાતા ૬ લાખ નાગરિકો સુધી સુ-નિયોજીત રીતે પહોંચવા માટે સંસ્થાના પ્રચાર-પ્રસાર સાથે જોડાયેલ કાર્યકરોની ટીમ સંસ્થાના કાર્યકર શ્રી મનિષા કણબીના નેતૃત્વ હેઠળ ગઠિત કરાઈ છે. આ ટીમ માટેની પ્રથમ તાલીમ ૧૫ જુલાઈએ રેડિયો મીર્ચી (અમદાવાદ)નાં આર.જે. રેહાન મનસુરીના માર્ગદર્શન હેઠળ યોજાઈ. જેમાં સંસ્થા દ્વારા પ્રકાશન માટે મૂકાતી પ્રેસનોટ, ફેસબુક અને ઈંસ્ટાગ્રામની નોટ તેમજ સંસ્થાના યુ-ટ્યુબ ઉપર અપલોડ થતાં વિઝ્યુઅલ અંગે ચર્ચા કરવામાં આવી. આ બેઠકથી શ્રી મનિષા કણબી તથા સંસ્થાના કાર્યકર રક્ષિતભાઈ યાદવે સંસ્થાની મંથલી મીટિંગ માટેનું PowerPoint Presentation પણ તૈયાર કરી સંસ્થાના સેવાકીય કાર્યને વધુ સચોટ રીતે વિસ્તારવા વ્યૂહરચના કરી.

બદલાતા પરિવેશને સ્વીકારી સંસ્થાકીય વાતને વ્યાપક સ્વરૂપ આપવા માટે સજ્જ મીડિયા ટીમના અન્ય સદસ્ય શ્રી અનિલભાઈ, રાજુભાઈ અને પંકજભાઈને અભિનંદન.

## શિશુવિહાર પ્રાંગણમાં યોજાયેલ વિશિષ્ટ પ્રવૃત્તિઓ




• કલા સંગમ સંસ્થાનો પ્રથમ સંગીત કાર્યક્રમ ૩ જુલાઈએ સંસ્થા રંગમંચ ઉપર યોજાઈ ગયો. હિન્દી ફિલ્મોના ગાયક રફીસાહેબ, કિશોરકુમાર, લત્તા મંગેશકર, આશાજી તથા

મન્નાડેના સ્વરમાં ગવાયેલા ગીતો કરાઓકે સાથે શ્રી ગિરીશભાઈ શાહના સંકલનતળે સાથીઓ દ્વારા પ્રેક્ષકો સમક્ષ રજૂ થયા. ગીતોનો આસ્વાદ માણવા ૩૦૦થી વધુ સંગીત પ્રેમીઓ શિશુવિહાર પધાર્યા હતા.



• શ્રી પ્રમોદભાઈ વોરા દ્વારા શાળામાં ભણતાં વિદ્યાર્થીઓ માટે ૯૦મો સાયકલ વિતરણ કાર્યક્રમ ૧૦ જુલાઈએ બુધસભા હૉલમાં યોજાઈ ગયો. ભાવનગર શહેરના ઉદ્યોગપતિ શ્રી ગૌરવભાઈ શેઠ તથા ભાવનગર જિલ્લાની શાળાઓના CRC શ્રી અશોકભાઈ વેગડની ઉપસ્થિતિમાં ૨૧ વિદ્યાર્થીઓને સાયકલનું વિતરણ કરવામાં આવ્યું.



• મધુર સ્વર સંગીત સંધ્યા તથા સુહાને નગ્મે આયોજિત રફી સાહેબને શ્રદ્ધાંજલિ આપતો કાર્યક્રમ ૧૦ જુલાઈએ સંસ્થા રંગમંચ ઉપર યોજાઈ ગયો. શ્રી કિરીટભાઈ તન્ના તથા શ્રી મધુભાઈ ત્રિવેદીના સંકલન તળે યોજાયેલ સંગીત કાર્યક્રમમાં ૨૫૦થી વધુ સંગીત પ્રેમીઓએ આનંદ માણ્યો હતો.



• ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર, શ્રી સંતશ્રેય ઍજ્યુકેશન ટ્રસ્ટ તથા રોટરી કલબ ઑફ ભાવનગર રોયલના સંયુક્ત ઉપક્રમે ગુજરાત સાહિત્ય



અકાદમી ગાંધીનગર દ્વારા આયોજિત શ્રી જ્યોતિન્દ્ર દવે અને બકુલ ત્રિપાઠી લિખિત તથા અર્ચન ત્રિવેદી અભિનિત 'આનંદ તરંગ' હાસ્ય નાટક Air conditioned વાનાણી હૉલમાં યોજાયું હતું. ૪૫૦થી વધુ શ્રોતાઓની હાજરી સાથે કવિશ્રી વિનોદભાઈ જોષીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ કાર્યક્રમનું સંકલન ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગરના શ્રી ડૉ. જયેન્દ્રસિંહ જાદવ દ્વારા કરવામાં આવ્યું હતું.



• શિશુવિહાર દિવ્યજીવન પ્રાર્થનામાં આવતા સાધકોએ ૧૩ જુલાઈએ ગુરુપૂર્ણિમાપર્વ ભાવપૂર્વક ઉજવ્યું. ૪૫થી વધુ સાધકોએ ગુરુ પાદૂકા પૂજન, ભજન-કિર્તન કર્યા. આ કાર્યક્રમમાં અમદાવાદથી શ્રી અખિલેશભાઈ પાઠક વિશેષ રીતે ઉપસ્થિત રહ્યા હતા.



• ગુરુપૂર્ણિમાના પાવન અવસર પર કલાર્પણ ડાન્સ એકેડમી તથા સેન્ટર ફૉર એક્સેલન્સના વિદ્યાર્થીઓ દ્વારા 'આજ રંગ હૈ રી'નાં શીર્ષક નીચે કથ્થક નૃત્યના રંગારંગ કાર્યક્રમની રજૂઆત કરવામાં આવી હતી. સંસ્થાના સંચાલિકા તથા કલાર્પણના અધ્યક્ષ વિનીતાબહેન ઝાલાની ગુરુ વંદના માટે ૧૦૦ વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લઈ શાસ્ત્રીયનૃત્ય કથકની રજૂઆત કરી હતી. ગુરુપૂજન અને ઘૂંઘરુ પૂજા બાદ ગણેશ વંદનાથી કાર્યક્રમની શરૂઆત કર્યા બાદ બાલ રામાયણ, શિવતાંડવ, ગોપીરાસ, સાવન, નાટિકા ઈત્યાદી રચનાઓથી સમાપન કરવામાં આવ્યું હતું. નિશીથભાઈ મહેતા, સ્મોલ વંડરના સંચાલિકા હર્ષાબહેન રમૈયા તથા શિશુવિહાર સંસ્થાના ઈન્દ્રાબહેન ભટ્ટે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.



• શ્રી પ્રશાંતભાઈ ભટ્ટના સંયોજન તળે સૂર સંગમ સંસ્થાનો ૬૦મો સંગીત સંધ્યાનો કાર્યક્રમ ૧૭ જુલાઈએ સંસ્થા રંગમંચ ઉપર યોજાઈ ગયો. જેમાં ૩૦૦થી વધુ સંગીતપ્રેમીઓ જૂનાં હિન્દી ફિલ્મોનાં ગીતોની સાંજ માણી હતી.




• આલ્ફા એકેડમી દ્વારા અબ્બાસ મેઘાણીના સંકલન હેઠળ વાલીઓ માટે 'આવો સાથે મળીને બાળકનું ઘડતર કરીએ' વિષય ઉપર સેમિનાર ૨૪ જુલાઈએ Air conditioned વાનાણી હૉલમાં યોજાઈ ગયો, જેમાં ગુજરાતના જાણીતા ચિંતક શ્રી નેહલબહેન ગઢવીએ ઉપસ્થિત રહી ૩૫૦થી વધુ વાલીઓને બાળકના ઘડતર વિષયે માર્ગદર્શન આપેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી વિપુલ વાળાએ કર્યુ હતું.



• ૨૪૨ તપોધન બ્રહ્મસમાજની પરિચય પુસ્તિકાનાં વિમોચનનો એક સમારોહ સંસ્થા રંગમંચ ઉપર ૨૪ જુલાઈએ યોજાઈ ગયો. જેમાં ૪૫૦થી વધુ બ્રહ્મસમાજનાં આગેવાન દ્વારા જ્ઞાતિના વિકાસ માટે ભંડોળ એકત્ર કરવા ઠરાવાયું હતું.

• નટરાજ કલા સંસ્થાનો સંગીત કાર્યક્રમ મૂકેશ અને રફીસાહેબની સ્મૃતિમાં યોજાયો. જૂના હિન્દી ફિલ્મી ગીતોનો કાર્યક્રમ શ્રી કેતન આવસત્થી પરિકલ્પનાથી યોજાયો. નટરાજ કલા સંસ્થાના ૧૩૩મા સંગીત કાર્યક્રમને માણવા ૪૦૦થી વધુ શ્રોતાઓ પધાર્યા હતા.





• શિશુવિહાર રંગમંચ ઉપર શ્રી કાદરભાઈ શેખના સંકલન તળે સ્વ. રફીસાહેબની પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ આપતો સંગીત કાર્યક્રમન ૩૧ જુલાઈએ યોજાઈ ગયો. આ સંગીત કાર્યક્રમને માણવા ૪૫૦થી વધુ સંગીત પ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા અને વરસાદની મોજ માણી હતી.



## બાળ શિક્ષણ

### શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિર:


ચિટકકામ કરતાં બાળકો

જુલાઈ માસમાં શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિરમાં બાળકોની સંખ્યા ૪૫ રહી હતી. માસ દરમિયાન બાળકોને બાળવાર્તા, પપેટ્સ, બાળ શ્રમયજ્ઞ, જેવી કામગીરી સાથે સાંકળવામાં આવ્યા. બાળવયથી બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ વિકસે તે હેતુસર માસ દરમિયાન વિવિધ રમગ-ગમતની પ્રવૃત્તિઓ યોજવામાં આવેલ. જુલાઈ માસમાં રમતગમતના સાધનોનું પ્રદર્શન પણ યોજવામાં આવેલ.

દાતા શ્રી મધુસૂદનભાઈ ભટ્ટ, શ્રી અંજનભાઈ પંડ્યા, શ્રી સરુપબહેન ધ્રુવ, શ્રી મનોજભાઈ જોશી, શ્રી કમલેશભાઈ મોદી, પ્રફુલભાઈ શાહ, જયંતભાઈ ભટ્ટ, તારાબહેન વડોદરિયા, શ્રી અશોકભાઈ વાસા તથા પ્રવીણચંદ્ર આર. બુચ દ્વારા બાળકોને ભોજન આપવામાં આવેલ, ઉપરાંત ૧૦ દાતાઓ દ્વારા નાસ્તો આપવામાં આવેલ.

૭૯મા અનુભવ તાલીમવર્ગ અંતર્ગત પાંચ બહેનોએ શ્રી પ્રીતિબહેન ભટ્ટનાં માર્ગદર્શન હેઠળ હસ્ત ઉદ્યોગ તાલીમમાં આકૃતિમાં લીટી કરવી, આકૃતિમાં રંગ પૂરવા, પાન પર મીણિયા રંગ, જાળીકામ, અગરબત્તી વડે કાગળમાં કાણાં પાડવા પ્રકારે તાલીમ મેળવી હતી.

## આરોગ્ય

### ૪૪૨ તથા ૪૪૩મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ:





શ્રી સુધાબહેન કનુભાઈ શાહની સ્મૃતિમાં શિશુવિહાર સંસ્થામાં ૪૪૨મો તેમજ શ્રી માનવજ્યોત પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટના સૌજન્યથી ૪૪૩મો નેત્રયજ્ઞ તારીખ ૨૨ જુલાઈએ શિશુવિહાર પ્રાંગણમાં યોજાયો.

ગુજરાત અંધત્વ નિયંત્રણ સોસાયટી તથા શિવાનંદ આઈ હૉસ્પિટલનાં સહયોગથી યોજાયેલ પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં ૧૧૧ દર્દીઓની આંખ તપાસ વીરનગરના ડૉ. સૌરવભાઈ મહાજનની ટીમ દ્વારા કરવામાં આવી. લાભાન્વિત દરદીઓને શિશુવિહાર પરિસરમાં 'ડૉ. મીનાક્ષીબહેન ભરતભાઈ ગરીવાલા' ભોજનાલયમાં સવારે ચા-નાસ્તો અને બપોરે ભોજન બાદ કેટ્રેક્ટ સર્જરી માટે ૨૮ દરદીઓને એટેન્ડન્ટ સાથે ખાસ બસમાં વિરનગર લઈ જવામાં આવ્યા.

'દરદી દેવો ભવ:'ની ભાવનાથી વર્ષ ૧૯૬૮થી ચાલતા પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં શિશુવિહાર સંસ્થાનાં તમામ કાર્યકરોએ સેવા આપી હતી.

## વયસ્કો માટે ૩૩૦મી દૃષ્ટિચકાસણી શિબિર:




સ્વ. શ્રી સુધાબહેન કનુભાઈ શાહ ચેરિટેબલ ટ્રસ્ટનાં સૌજન્યથી શિશુવિહાર ફિઝિયોથેરાપી સેન્ટરમાં ક્રમાક ૩૩૦ અન્વયે ૫ રવિવાર દરમિયાન ૮૬ વયસ્કોને આંખ તપાસ બાદ ચશ્માંનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સંચાલક: શ્રી દીપાબહેન જોશી

## ફિઝિયોથૅરાપી તથા ફિટનેસ સેન્ટર:

શ્રી શેઠ પરિવાર પ્રેરિત ફિઝિયોથૅરાપી સેન્ટરમાં સવારે ૯:૩૦ થી ૧૨:૩૦ તથા સાંજના ૪:૩૦થી ૭ દરમિયાન શરીરનાં વિવિધ દુ:ખાવાઓની સારવાર આપવામાં આવે છે. ડૉ. ભાવિકાબહેન હરિયાણી તથા ડૉ. જાહ્નવીબહેનનાં કન્સલ્ટેશન હેઠળ જુલાઈ માસમાં ૨૧૪ દરદીઓએ સારવાર લીધી હતી. તેમજ ફિટનેસ સેન્ટરમાં ૯ બહેનો તથા ૧૨ ભાઈઓ આવ્યા હતા.

સંચાલક: શ્રી દેવાંશીબહેન ભટ્ટ

## શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટર:

જુલાઈ માસમાં શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટરમાં સોમવાર થી શુક્રવાર સાંજના ૪ થી ૬ દરમિયાન ઍલોપૅથીની સારવારનો લાભ ૫૮૬ દરદીઓએ લીધો હતો. મેડિકલ સેન્ટરનાં નિષ્ણાત ડૉક્ટર દ્વારા જરૂરિયાત મુજબ દરદીઓને નિ:શુલ્ક દવા આપવામાં આવેલ.

સંચાલક: ડૉ.અરવિંદભાઈ ત્રિવેદી



# જીવન શિક્ષણ (કૌશલ્ય તાલીમ)

## ક્રીડાંગણ-સ્કાઉટ તાલીમ




જુલાઈ માસ દરમિયાન નિયમિત રીતે આવતાં તાલીમાર્થીઓની સંખ્યા ૪૦ રહી હતી. માસ દરમિયાન શાંતિ પ્રિય ભારતીય સામૂહિક રમતો રમાડવામાં આવી હતી. સાંય પ્રાર્થના સમયે રુદ્રભાઈ, રોહિતભાઈ, પૂરવભાઈનો તેમજ કાર્યકર શ્રી દીપાબહેન જોશીનો જન્મદિવસ પ્રસાદ-સ્મૃતિભેટ સાથે ઉજવાયો. શ્રી ભારતીબહેન ઓઝા તરફથી બાળકોને પોષક આહાર આપવામાં આવેલ.

ભાવનગર જિલ્લા ભારત સ્કાઉટ-ગાઈડ સંઘ તરફથી ખરી કમાઈ ૨૦૨૧-૨૨ નિમિત્તે શિશુવિહાર સ્કાઉટ ઑપન ટ્રુપના ઉત્કૃષ્ટ દેખાવ બદલ સન્માનન કરવામાં આવેલ. તેમજ પાર્થ બારૈયા, શુભમ્ ગોહેલ, હર્ષ ચુડાસમા, સુમિત પરમાર અને અર્જુન પરાડકરનું વ્યક્તિગત સન્માન કરવામાં આવેલ.

શિશુવિહાર બાલમંદિર તથા તાલીમાર્થીઓના જાગ્રત મા-બાપનો તાલીમ કાર્યક્રમ ૨૩ જુલાઈએ યોજાઈ ગયો. જેમાં બાળ આરોગ્ય વિષયે ડૉ. ભૂષિત ગઢિયાએ માર્ગદર્શન આપ્યું હતું.

સંચાલક: શ્રી કમલેશભાઈ વેગડ

## મહિલા ઉત્કર્ષ અને વ્યાવસાયિક તાલીમ

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ડિસ્ટન્સ લર્નિંગ સેન્ટર દ્વારા માન્યતા પ્રાપ્ત

### જ્યોતિમંડળ મહિલા સીવણ તાલીમ:



જુલાઈ માસ દરમિયાન સીવણ તાલીમ વર્ગમાં બહેનોની સંખ્યા ૧૭ રહી હતી. ૯ જુલાઈએ શ્રી રતનબહેને બહેનોને મશીન રીપેરિંગ માર્ગદર્શન આપ્યું હતું.

### કમ્પ્યૂટર શિક્ષણ તાલીમ વર્ગ:

શિશુવિહાર સંસ્થામાં સ્વ.કાળીદાસભાઈ વળિયા પરિવારની સહાયથી ચાલતા કમ્પ્યૂટર શિક્ષણ તાલીમ વર્ગ અંતર્ગત કમ્પ્યૂટર બેઝિક કોર્સમાં અનુભવ વર્ગની પાંચ બહેનો શિક્ષણ મેળવી રહ્યાં છે.

સંચાલક :શ્રી રક્ષિત યાદવ

## સ્વ-રોજગાર સહાય



### સ્વ-રોજગાર:

સંસ્થાની સ્વ-રોજગાર પ્રવૃત્તિ અંતર્ગત ૪ શ્રમિક બહેનો દ્વારા જુલાઈ માસમાં ૭૩૦ કાપડની થેલી તૈયાર થતાં રૂ.૨૯૨૦/-ની રોજગારી મેળવેલ છે. પર્યાવરણ જાળવણી માટે પ્લાસ્ટિક વપરાશને ઘટાડવા માટેના સંસ્થાનાં પ્રયત્નોને ગતિ આપતા **અત્યાર સુધીમાં ૭૫,૦૦૦ કાપડની થેલીઓ** જરૂરિયાતમંદ કુટુંબો સુધી પહોંચાડવામાં આવી છે. શ્રી મનીષભાઈ ધીરજલાલ દેસાઈ તરફથી ૨૮ ગાંસડી,શ્રી મિતુલ ધીરજલાલ દેસાઈ તરફથી ૧૭ તથા શ્રી નીતિનભાઈ બોટાદરા તરફથી ૩ ગાંસડી કાપડ મળતા આઝાદીના અમૃત મહોત્સવે ધીરજલાલ દેસાઈ પરિવારના સહકારથી શ્રમિક બહેનોના રોજગારી આપવા સાથે ૭૫,૦૦૦ ઘરોમાં પ્લાસ્ટિક બેગનો પર્યાય વિસ્તારી શકાયો છે, જે અનુકરણીય બને છે. સંસ્થા દાતાશ્રીઓનો આભાર માને છે.

સંચાલક :શ્રી દક્ષાબહેન ગોહેલ

### દિવ્યજીવન:

શિશુવિહાર દિવ્યજીવનની પ્રાર્થના માસનાં પ્રત્યેક શુક્રવારે સાંજે ૬ વાગે યોજાય છે. જેમાં જિજ્ઞાસુ સાધકો ભાગ લે છે. જુલાઈ માસની ૨૪મીએ પૂજ્ય સ્વામી ચિદાનંદજી મહારાજની પાદુકાપૂજનનો કાર્યક્રમ યોજાયો હતો.

- શ્રી ઈન્દાબહેન ભટ્ટ



### જીવન શિક્ષણ તાલીમ::

ભાવનગરના સેવાભાવી યુવક મિત્રો દ્વારા શહેરના પ્રભુદાસ તળાવ તથા સુભાષનગર વિસ્તારની ઝૂંપડપટ્ટીના ૨૨ બાળકો માટે અ-વૈધિક તાલીમનો પ્રારંભ થયો છે. મહિનાના ૨૨ દિવસ સાંજના ૬:૦૦ થી ૭:૩૦ દરમિયાન શિશુવિહાર પ્રાંગણમાં ગરીબ બાળકોને નાસ્તો, ગણન-વાંચન, ક્રાફ્ટ અને રમત-ગમત પ્રવૃત્તિઓ સાથે જોડવામાં આવે છે. ડ્રોપ નામની સંસ્થા થકી આ સેવાભાવી યુવકો એકલવાયું જીવન વ્યતિત કરતાં વડીલોને રાશનકીટ પહોંચાડી રહ્યાં છે.

### હસ્ત ઉદ્યોગ કાર્યશાળા:



બાળકો તેનાં શરીરની ઈન્દ્રિયોનાં વિકાસ સાથે સર્જનશીલતાનો આનંદ લઈ શકે તે માટે શ્રી મીનાબહેન પ્રમોદચંદ્ર હેમાણી કૌશલ્ય તાલીમ કેન્દ્રમાં પ્રત્યેક શનિવારે સાંજે ૫ થી ૬ દરમિયાન વિદ્યાર્થીઓને જીવનશિક્ષણ તાલીમ સાથે જોડવામાં આવે છે. જુલાઈ માસમાં પ્રવૃત્તિ ક્રમાંક ૧૪૧ થી ૧૪૫માં ચૉકલેટ, સેવ-મમરાની ભેળ, ખીચડી અને દૂધી-બટેટાનું શાક, પ્લાસ્ટિક બોટલમાંથી પેન સ્ટેન્ડ બનાવવાની તાલીમ આપવામાં આવી. જેમાં ૪૦ સ્કાઉટે ભાગ લીધો હતો.



તાલીમી સંચાલક :શ્રી પ્રીતિબહેન ભટ્ટ

### મનોરંજન:

બાલમંદિર અને શાળા-કૉલેજનાં વિદ્યાર્થીઓ માટે ૭ વિવિધ પ્રકારોમાં ૮૪ પોશાક સંસ્થાનાં મનોરંજન વિભાગમાંથી સાંજનાં ૪:૩૦ થી ૭:૩૦ દરમિયાન મળી શકે છે. જુલાઈ માસ દરમિયાન ૧ સંસ્થાએ મનોરંજનના પોશાકનો લાભ લીધો હતો.

સંચાલક :શ્રી દક્ષાબહેન ગોહેલ

### તાલીમ:

શિશુવિહાર સંસ્થાનાં વિભાગીય સંવાહકોની બેઠક તારીખ ૬ જુલાઈએ યોજાયેલ, જેમાં માસ દરમિયાનના નિયત કાર્યો તથા આયોજિત કાર્યો પૈકી બાકી રહેલ કાર્યોનું મૂલ્યાંકન તેમજ ઑગસ્ટ માસના સંસ્થાગત કાર્યો અંગે સંવાહકો સાથે ચર્ચા કરવામાં આવી. સંચાલક: શ્રી હીનાબહેન ભટ્ટ

### માંદગી સાધનસહાય:

માંદગીવશ ટૂંકા સમય માટે દરદીઓને ઉપયોગી બનતાં સાધનો શિશુવિહાર સંસ્થામાંથી ૧૫ થી ૩૧ દિવસ માટે નિયત ડિપૉઝિટથી આપવામાં આવે છે. જુલાઈ માસ દરમિયાન સ્વ.ફૂલચંદભાઈ પી. તંબોળી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ઉપલબ્ધ સાધનોનો ૭૭ દર્દીઓએ લાભ લીધો હતો. શ્રી રેખાબહેન આર. દવે તરફથી વ્હીલ ચેરની રકમ દાન મળેલ છે. સંસ્થા દાતાશ્રીનો આભાર માને છે.

સંચાલક: શ્રી અનિલભાઈ જોશી

### બાલદેવ વન:

જુલાઈ માસ દરમિયાન શ્રી તદ્રૂપાનંદ બાલદેવવન તથા ઍક્સેલ ક્રોપ કેર લિ. પ્રેરિત 'નૉલેજ પાર્ક'માં ૫૦ બાળકો પોતાના વાલી સાથે રમવા આવ્યાં હતાં. જુલાઈ માસ દરમિયાન શ્રી સ્મૉલ વંડર પ્લે હાઉસના ૫૦ બાળકો તથા ૪ શિક્ષકોએ મુક્ત મને રમી આનંદ માણ્યો હતો. બાલદેવવનમાં રમવા આવતાં તમામ બાળકોને સંસ્થા તરફથી'બાળ આરોગ્ય સૂત્ર'પુસ્તિકા ભેટ આપવામાં આવેલ.

સંચાલક: શ્રી હીનાબહેન ભટ્ટ

### આરોગ્યવર્ધક ઔષધિ પીણું:

શ્રી નિશીથભાઈ મહેતાના સહકારથી ચાલતા આરોગ્યવર્ધક ઔષધિ પરબમાં સાંજનાં ૫:૩૦ થી ૬:૩૦ દરમિયાન ઉકાળો મળે છે. યુઝ ઍન્ડ થ્રો કપમાં આપવામાં આવતાં અને શરીરની ઈમ્યુનિટી વધારવાના ઉપાય સ્વરૂપે આ સેવાનો લાભ ૯૮૦ નાગરિકોએ લીધેલો.

- સંચાલક: શ્રી નરસિંહભાઈ મકવાણા



## સંસ્કાર સાહિત્ય પ્રકાશન

### શ્રી ગોખલે જ્ઞાન મંદિર પુસ્તકાલય-શિશુવિહાર

સંયોજન: રાજા રામમોહન રૉય ફાઉન્ડેશન

જુલાઈ માસમાં ૩૦ વાચક સભ્યોએ ૭૫ પુસ્તકો વાચ્યાં હતાં.
**સંસ્થા પુસ્તકાલયમાં ભેટ સ્વરૂપે મળેલાં પુસ્તકો, જેનો સાભાર સ્વીકાર છે.**

'ગમે અમને ગુજરાતી' ભાગ:૧-૨,'ગાંધીવધ શા માટે?','અગન પંખ' અન્ય ૧૪ પુસ્તકો (શ્રી રતનસિંહભાઈ ગોહેલ),'વિક્રમ વેતાળ ભાગ:૧-૨','જંગલ બુક','બકોર પટેલની ગમ્મતો' અન્ય ૧૪ પુસ્તકો (શ્રી અશ્વિનભાઈ શાહ)

સંસ્થાગત કામને સમજવા શીખવા માટે પંડિત દિનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટીમાંથી વિદ્યાર્થીઓ શ્રી ફોરમ શાહ, રેહાન માલવી,મહમદ કૈફ, નિત્યા જાની, કૃતિ સવાણીએ ૭ દિવસીય તાલીમ તેમજ શ્રી નંદકુવરબા મહિલા કૉલેજના એમ.એસ.ડબલ્યુના વિદ્યાર્થિની શ્રી દેવાંશી પંડયાએ ૩૦ દિવસની તાલીમ લીધી હતી.

સંચાલક: શ્રી કૃપાબહેન ઓઝા

### બુધસભા:

૧૯૮૦થી અવિરત ચાલતી શિશુવિહાર બુધસભામાં ૬ જુલાઈએ ૨૧૮૯મી બેઠક યોજાઈ હતી. 'કાવ્ય આસ્વાદ' ઉપક્રમ અંતર્ગત શ્રી વર્ષાબહેન જાની દ્વારા મૂકેશ જોશીના કાવ્યોનો આસ્વાદ થયો. સંચાલન શ્રી જીજ્ઞાબહેન ત્રિવેદીનું રહ્યું હતું. માસની બીજી બેઠકમાં અવસર અભિવ્યક્તિ અંતર્ગત ગુરુપૂર્ણિમાના શુભ અવસરે ગુરુજનોના સ્મરણ સાથે કૃતિઓનું પઠન થયું. માસની ત્રીજી બેઠકમાં કવિ વક્તવ્ય ઉપક્રમ યોજાયો. શ્રી સૃષ્ટિબહેન ખમળ દ્વારા જાણીતા કવિશ્રી કૃષ્ણ દવેની કૃતિઓનું પઠન થયું. સંચાલન શ્રી નેહાબહેન પૂરોહિતનું રહ્યું હતુ. માસની ચોથી બેઠકમાં ડૉ. જયેન્દ્રભાઈ જોષી દ્વારા 'અમૃત ઘાયલ'ને શ્રદ્ધાંજલિ અપાઈ. તેમની રચનાઓના શેરનો રસાસ્વાદ થયો હતો. આ પ્રસંગે ડૉ. જયેન્દ્રભાઈનું અભિવાદન કરવામાં આવ્યું. સંચાલન શ્રી જયેશભાઈ ભટ્ટનું રહ્યું હતું. માસના ચારેય બુધવાર મળીને કુલ ૭૩ રચનાઓની પ્રસ્તુતિ થઈ તેમજ ૬૭ કવિઓની હાજરી રહી હતી.

કવિ-કવયિત્રીઓના આસ્વાદ, સાહિત્યિક આયોજન પ્રસ્તુતિ સહિત મહેમાન મહાનુભાવોના આવકાર સાથે વડીલોની હાજરીમાં બુધસભા રસ પ્રચુર રહી હતી.

સંચાલક: શ્રી કૃપાબહેન ઓઝા

## પ્રચાર-પ્રસાર



### જૂન માસમાં પંચવર્ષીય લવાજમ રૂ.૨૫૦/-ભરી સભ્ય થનાર મિત્ર

શ્રી ગૌરવભાઈ રાઠોડ-ભાવનગર, શ્રી ગીરવાનસિંહ ગોહિલ -ભાવનગર, શ્રી લોકવિદ્યાલય-થોરડી, શ્રી નયનબહેન ભટ્ટ-વડોદરા, શ્રી જાગૃતિબહેન શર્મા-ભરૂચ

સંચાલક: શ્રી દક્ષાબહેન ગોહેલ

### અખબાર તથા ટેલીવિઝનમાં શિશુવિહાર


રાજ્યનાં વિવિધ ૨૬ ગુજરાતી અખબારોમાં સંસ્થાની પ્રવૃત્તિઓની ૨૫૫ પ્રેસનોટ પ્રકાશિત થઈ હતી. તથા ૧૫ ઈલેક્ટ્રોનિક મીડિયામાં પ્રકાશિત કરવામાં આવી હતી.

જુલાઈ માસમાં સંસ્થાનાં ફેસબુકનાં followersની સંખ્યા ૧૧૩૪ અને ઈન્સ્ટાગ્રામમનાં followersની સંખ્યા ૪૫૧ રહી હતી.

સંચાલક: શ્રી અનિલભાઈ બોરીચા

### શ્રદ્ધાંજલિ

### સ્વ. મહેન્દ્રભાઈ મેઘાણી



વર્ષ ૧૯૪૨માં સ્થાપિત ગોખલે જ્ઞાનમંદિર પુસ્તકાલય શિશુવિહારના વાચનાલયને અનેકવિધ પુસ્તકો અને સામયિકોથી સમૃદ્ધ કરનાર શ્રી મહેન્દ્રભાઈ મેઘાણી શતાયુ પૂર્ણ કરી ગુજરાતી સાહિત્ય જગતને અલવિદા કહી ચિંતનયાત્રાએ વહી ગયા.

ગુજરાતને વાંચન અભિમુખ કરનાર સ્વ. મહેન્દ્રભાઈએ પિતાશ્રી અને રાષ્ટ્રીય શાયર ઝવેરચંદભાઈનો વારસો દૈદીપ્યમાન રાખ્યો. લોક મિલાપ સંસ્થાનાં માધ્યમથી બાળ જગતને સર્વોત્તમ ચિંતન આપનાર શ્રી મહેન્દ્રભાઈએ લોક મિલાપ દ્વારા નવી પેઢીને વાંચન દ્વારા જીવન વિકાસનો પથ કંડારી આપ્યો.

શિશુવિહાર સંસ્થાના આપ્તજન અને અનેકવિધ પ્રવૃત્તિઓમાં સતત માર્ગદર્શક રહેનાર સ્વ. મહેન્દ્રભાઈનું શતાયુ જીવન અનેકો માટે પ્રેરણાદાયી બને છે.

શિશુવિહારના બાળ પુસ્તકાલયના વાચકોના દાદાજી શત શત વંદન.





### • સદ્ભાવભરી સ્વૈચ્છિક સહાય •
### સંસ્થા સૌનો હાર્દિક આભાર માને છે

### • સદ્ભાવભરી સ્વૈચ્છિક સહાયનાં દાતાશ્રીઓ •

| | | |
|---|---|---|
| 1,16,000.00 | શ્રી ચિત્રકુટધામ ટ્રસ્ટ | નાગરિક સન્માન |
| 1,00,000.00 | શ્રી મનીષ ધીરજલાલ દેસાઈ | સ્વ-રોજગાર સહાય |
| 75,445.00 | શ્રી નિરમા લિમિટેડ | આરોગ્ય શિબિર(CSR) |
| 51,000.00 | શ્રી સંજય કૃષ્ણકાંત વેદ | કન્યા કેળવણી સહાય |
| 7,000.00 | શ્રી કમલેશ કરશનદાસ મોદી | આરોગ્ય સહાય |
| 5,000.00 | શ્રી સુધાબહેન કનુભાઈ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ | દૃષ્ટિ ચકાસણી |
| 5,000.00 | ડૉ. રુચિતા જશવંતરાય શાહ | બાલદેવવન |
| 3,200.00 | શ્રી જગદીશભાઈ આઈ. ભટ્ટ | આરોગ્ય સહાય |
| 3,000.00 | શ્રી નીરવ શાહ | પ્રકાશન |



## સ્વરાજ્યની શાળા શિશુવિહાર

### વર્ષ ૧૯૮૯માં પ્રકાશિત શિશુવિહાર સામયિકોનો સાર (એક દસ્તાવેજ)

ક્રમશઃ-૩




### ઑક્ટોબર

• અમદાવાદથી દક્ષિણના પ્રવાસે ગયેલા <u>શ્રી જનકભાઈ દવે</u> પોંડીચરીથી લખે છે.: શિશુવિહારની સુવર્ણ જયંતીમાં ભાગ લેવા મન ઘણું થનગની રહ્યું છે પણ પહોંચી શકાય તેમ નથી. ભાવનગરમાં જે કાળે બાળશિક્ષણ, ક્રીડાંગણ અને યુવા પ્રવૃત્તિનો લોપ થવાની વિષમ પરિસ્થિતિ પેદા થઈ ત્યારે શિશુવિહારે વિવિધલક્ષી પ્રવૃત્તિઓ શરૂ કરી પોતાના 'સંસ્કારધામ'ના નામને સાર્થક કરેલ છે. શિશુવિહારની ભૂમિપર બાળુડાંઓનાં ફૂલ જેવાં નાના પગલાં પડ્યાં ને તેમાંથી બાળકો જેની છાયા નીચે બેસી ઘૂમી, નાચી, કૂદી, રમી, હીંચકી, કિલ્લોલ કરી શકે એવું વટવૃક્ષ સરજાયું. કવિ લેખક, ચિત્રકાર, નાટ્યકારએ સૌને પ્રોત્સાહન આપીને બિરદાવનાર બન્યું અને રહેશે શિશુવિહાર. બહારની સંસ્થાઓને ભાવનગરની સંસ્કારિતા અને

સેવા ભાવનાની ઝાંખી કરાવનાર છે શિશુવિહાર. સંસ્કારી નગરીના નગરજનો, જાગજો, સંભાળજો અને સદ્ભાવથી વિચારજો. સુષુપ્ત હોય તેને જગાડજો અને દેખાડજો કે મૂર્તિમંત સંસ્કારની આકૃતિ ઊભી છે નગરની વચ્ચેજ. એણે ઘણું આપ્યું છે. શું આપશો તમે? શિશુવિહારનો ખોળો ખુંદીને ઘણાં બાળકમાંથી કિશોર, કિશોરમાંથી યુવાન અને યુવાનમાંથી વૃદ્ધ બન્યા છે. તેમ છતાં આ બધા શિશુવિહારનાં તો શિશુજ છે.
નવેમ્બર

• **ભાવનગરનું શિશુવિહારઃ** 'મારા મૃત્યુબાદ મારી રાખને ગંગા નદીમાં પધરાવવાની જરૂર નથી. મારી રાખ આ જ શિશુવિહારના મોટા આંગણાંમાં જ્યાં રોજ સેંકડો બાળકોનાં ચરણ પડે છે ત્યાં વેરજો. આ બાળકોની નાનીનાની પગલીઓ નીચે ચંપાતી મારી રાખનું હૈયું એથી હરખી ઊઠશે' ભાવનગરના અનન્ય શિશુ પ્રેમી શ્રી માનભાઈ ભટ્ટનું આ અપ્રગટ વસિયતનામું છે.

સાચે જ, શિશુવિહારનું આંગણું એટલે જાણે કલરવ કરતાં પંખીઓનો વડલો મારે ત્યાં કોઈ મહેમાન આવે તેને હું સાંજને અમુક ટાણે શિશુવિહાર જોવા તેડી જાઉં. સાંજને પહોરે, ક્રીડાંગણમાં બાળકોનો જે દરિયો ઉમટાય છે તે જોઈ હર કોઈ હરખાઈ ઊઠે છે.

ન કોઈ નાત-જાતનો, ન કોઈ ઊંચ-નીચનો ભેદ. દરેક વયનાં બાળકો માટે હીંચકા-લપસણાં વગેરે બધું જ મળી રહે પા પા પગલી ભરતાં બાળકો, જેમનાં ડગલાં હજુ સ્થિર મંડાતા નથી. તેમની ચિંતા પણ શિશુવિહારે કરી છે. સરસ મજાનો નાનકડો પાટિયાનો શિશુપથ છે, જ્યાં કોઈની આંગળી પકડી ચાલનારાં બાળકને જોતાં મન ધરાતું નથી.

સૌથી સુંદર ચીજ તો છે બાળકોના ચહેરા પર ચમકતો આનંદ. ધસમસતા વાવાઝોડાની જેમ બાળકો દોડ્યાં આવે અને જાણે કોઈ ખજાનો લૂંટી લેશે એવા ડરે દોટ મૂકીને પોતાનો હીંચકો કબજે કરી લે. હીંચકાનો તો કોઈ પાર નથી પણ રોજરોજ રમવા આવનારાં બાળકોને હીંચકો પણ વહાલો અને પોતાનો થઈ ગયો હોય છે.

દાખલ થતાં જ સામે એક ખુરશી નાખીને દાદા બેઠા છે. એમના હાથમાં કાતર છે. નવાઈ લાગે કે બહાર કાતર લઈને માનભાઈ કેમ બેઠા હશે? પરંતુ થોડીવારમાં તો કોઈ બાળક સામે આવી ઊભા રહી પોતાના હાથ ધરે અને દાદા તેના નખ કાપે.

કોઈ દાદાને પૂછે, 'માનભાઈ, તમને આ શિશુવિહાર સ્થાપવાની પ્રેરણા ક્યાંથી થઈ?' તો સરસ જવાબ મળેઃ 'અરે, આતો મારા પેટની પીડામાંથી ઊભું થયું છે. અમે નાના હતા. ત્યારે શેરીમાં અમારું ઘર. ઘરમાં રમીએ તો વડીલો બૂમો પાડે, તમારા હાકોટા-દેકારાથી ત્રાસી ગયાં. શેરીમાં જઈને રમતાં હો તો? અને શેરીમાં હુતુતુ કે લંગડી શરૂ કરીએ તો શેરીવાળા ધમકાવે? 'અલ્યા, ઘરબાર વિનાના છો કે શું? જાવ તમારા ઘરે. બાળ-મનને ત્યારે ભારે, મુંઝવણ થતી. ઘર વડીલોનું, પોળ પાડોશીઓની તો અમારું શું? ત્યારે જ મનમાં સંકલ્પ જાગેલો કે બાળકોને રમવા ખાસ અલાયદી વ્યવસ્થા હોવી જોઈએ. આ સંકલ્પમાંથી ઉદ્ભવ્યું છે આ શિશુવિહાર.'

બાળક સંસ્થાનો આરાધ્ય દેવ છે. બાળકના સમગ્ર વિકાસ માટેનું ચિંતન થતું હોય તેવી છાપ જોનારના મનમાં ઉઠ્યા સિવાય રહેતી નથી. દરવાજામાં દાખલ થતાં અગાઉ જ સામે મોટું કાળું પાટિયું જોવા મળે, જેના પર રોજ જુદી-જુદી સૂચનાઓ જોવા મળે. 'સુંદર અક્ષરોની સ્પર્ધા' અથવા તો 'ડુંગરોમાં પ્રવાસ' અથવા તો 'સ્કાઉટનો શિબિર' આવું તો બીજું ઘણું ઘણું. બાળક સોળ વર્ષનું થાય ત્યાં સુધી વિવિધ દિશાઓમાં વિકાસ કરવા અનેક બારણાં મળે તેવું આયોજન અહીં થતું રહે છે. રમવું છે? તો પેટ ભરીને રમો. ભણવું છે? તો આવો બાલમંદિરમાં. મંદિરનાં પૂજારીઓ જીવનના એવા પાઠ ભણાવશે જે અનેક જન્મોનું ભાથું બની જશે. હવે મોટાં થયા છો અને આ હીંચકા-લપસણાં નાનાં પડે છે? તો આ રહી સ્કાઉટ પ્રવૃત્તિ. જીવનમાં શિસ્ત, સાહસ, ઝિંદાદિલી અને નિર્ભયતા કેળવો અને ઉત્તમ નાગરિકતાના પાઠ શીખો. શરીરને ખડતલ બનાવવું છે? કુસ્તીના દાવ શીખવા છે? તો આ રહ્યો અખાડો. અહીં શિશુવિહારમાં તો બે-ચાર કલાક, પણ ઘરે પણ કંઈ ભાથું જોઈએ તો લઈ જાઓ પુસ્તકો. સમૃદ્ધ પુસ્તકાલય અને વાંચનાલય પણ છે. ક્યારેક શરદી થઈ હોય કે પગ ભાંગ્યો હોય, મમ્મીએ કૂદાકૂદ કરવાની ના પાડી હોય તો પગવાળીને વાંચવા બેસી જવા આ રહ્યાં થોકબંધ સામયિકો, દૈનિકો અને પુસ્તકો. બાળકોનું બુદ્ધિતંત્ર ખીલે, એનામાં રહેલી સંશોધન વૃત્તિને માર્ગ મળે એટલે 'રમકડાં ઘર' પણ છે. તેમાં ચાવીથી ચાલતાં રમકડાં ઉપરાંત બૌદ્ધિક કસરતો આપનારા સાધનો પણ છે. 'પહેલું સુખ તે જાતે નર્યા'. આરોગ્ય વિજ્ઞાનનું અને પ્રાથમિક સારવારના વર્ગો ચાલે છે. સંગીત, ચિત્ર, હસ્તઉદ્યોગ, સીવણના વર્ગો પણ ચાલે.

કહેવત છે કે 'પચપન કે બાદ બચપન' તો પંચાવન વર્ષની ઉપરના વયસ્કોની ચિંતા પણ અહીં થઈ છે. દિવ્ય જીવન સંઘ દ્વારા આધ્યાત્મિક પ્રવૃત્તિ ચાલે છે તે માત્ર વૃદ્ધત્વને આરે પહોંચેલા જ નહિ. બલ્કે જીવનની

મઝધારે પહોંચેલા યુવાનો પણ આ પ્રવૃત્તિઓમાં વિશેષ રસ લઈ જીવનના ઊંડા મરમને સમજવા મળે છે.

શિશુવિહારના સંસ્થાપક શ્રી માનભાઈના મનમાં હજુ એક નવી યોજના રમી રહી છે. તે છે બાલવનની યોજના. સ્વપ્ન ઘણું મનમોહક છે. કશીય રોકટોક વગર બાળકો બસ રમ્યાં જ કરે. મન ફાવે તે કરે. ધૂળમાં રગદોળાવું હોય કે માટીથી ખરડાવું હોય તો તેનીય છૂટ. માટીના ઢગલા જ પડયા હોય અને બાળરાજા જાણે મોટા સિંહાસન પર બેઠા હોય તેમ એ ઢગલાઓ પર બેસી મુઠીઓમાંથી રેતી સેરવતા હોય. માટીના ઢગલામાંથી બાળકોના આંગળા જાતજાતની કરામત કરે. કોઈ ચકલી બનાવે કોઈ કૂતરો, કોઈ ઘર તો કોઈ પાટલી. આવું બાળ જગત જેમાં બાળક ‘પોતાનું ઘર’ મેળવે. આજે જંગલો કાપીને આપણે સીમેન્ટના વૃક્ષો (બહુમાળી મકાનો) ઉગાડયા છે. એટલે વન-જંગલ કોને કહેવાય. તે બાળક જાણતું નથી. તેથી બાળકો કુદરતને ખોળે ખેલી શકે તેવું એક બાળવન શિશુવિહારમાં રચવાનું સપનું છે. આ સપનું જરૂર સાકાર થશે તેવી શ્રદ્ધા છે. ભારતનાં બાળકો માટે અમેરિકાના વધામણાં ડીઝનીલેન્ડને બદલે ભારતીય પરિવેશને પોષે તેવાં પ્રકૃતિને ગોદમાં લઈ જનારાં ‘બાળવન’ જ અહીં શોભે એ કહેવાની જરૂર છે?

-મીરાંબહેન ભટ્ટ સૌજન્ય:નવનીત-સમર્પણ સપ્ટેમ્બર ૧૯૮૯

• **સદભાવભરી સહાય:** શ્રી ર.વિ. ગોસળિયા કલા કેન્દ્ર: રૂ.૫૦૦૦ શ્રી કંચનગૌરી ગોસળિયા, રૂ. ૨૫૦૦ શ્રી મહાવીર અણજીપરા ટ્રસ્ટ, રૂ.૨૫૦૦ શ્રી એચ.એચ. ગોસળિયા, રૂ. ૨૫૦૦ શ્રી પન્નાબહેન કામદાર.

• **સંત ડૉકટરનું સન્માન:** બધા ડૉકટરો કંઈ સંત નથી હોતા. બધા સંતો કંઈ ડૉકટર નથી હોતા. ઉત્તમ ડૉકટર બનીને પોતાની આવડત પ્રભુ પ્રીત્યર્થે, સંસારની આસક્તિ છોડીને, નિષ્કામભાવે જનસેવમાં જોડનાર સંતો વિરલ હોય છે. આવા વિરલ સંતોમાં દિવ્યજીવન સંઘના સ્થાપક, ઋષિકેશના સ્વર્ગસ્થ સ્વામિ શિવાનંદજી મહારાજ અને તેઓના પરમ શિષ્ય, સંત ડૉ. શિવાનંદ અધ્વર્યુજી(સ્વામિ યાજ્ઞવાલ્કયાનંદ)ની ગુરુ શિષ્યની અનન્ય જોડી મશહૂર છે. તેઓના સેવાભાવી જીવનમાંથી શિશુવિહાર સંસ્થાને સદાય પ્રેરણા મળતી રહી છે. છેલ્લા ૨૫ વરસોમાં શિશુવિહારમાં થયેલાં ૨૬ નેત્રયજ્ઞોમાં ડૉ. અધ્વર્યુજીએ પાંચ હજાર જેટલાં આંખનાં ઑપરેશનો કરીને ભાવનગરના અને આસપાસના ગામડાંઓમાં ગરીબ અને નિ:સહાય લોકોને કાયમી અંધાપાના ગર્તમાં ધકેલાઈ જતાં બચાવ્યાં છે. એ જ રીતે તેઓનું આંખનું ફરતું દવાખાનું લઈને ભારતભરમાં હજારથી વધુ નેત્રયજ્ઞો યોજી લાખો ગરીબોને વિનામૂલ્યે આંખના રોગોની મફત સારવાર આપી અંધાપા નિવારણનું ભગીરથ કામ કરેલ છે.



• **૨૬મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ:** શિશુવિહારનો ૨૬મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ ઉદારદિલ મુખ્ય દાતા. હિન્દુસ્તાન સ્ટીલ (મુંબઈ)વાળા શ્રી જતીનરાય અમીનના સૌજન્યથી થયો. તેનું સંચાલન વીરનગરના શિવાનંદ મીશનના સંત ડૉ. અધ્વર્યુજીએ કર્યુ. આ નેત્રયજ્ઞમાં ૫૫૩ આંખના દરદીઓને તપાસીને દવા આપી. તેમાનાં ઑપરેશનની જરૂરિયાતવાળા ૫૬ બહેનો અને ૨૩ ભાઈઓને કેટરેકટ સર્જરી પણ કરવામાં આવી હતી.

## ડિસેમ્બર

• શિશુવિહારનો કસબ: પરિવારનાં સૌ બેઠાં બેઠાં વાતો કરીએ છીએ અને પૌત્રી કૂંજન કાનમાં આવીને કહે છે, ‘દાદા, ચાલોને શિશુવિહાર’. અમારી વાતો તો ચાલ્યા જ કરે છે. ફરી કૂંજન કાનમાં કહી જાય છે, ‘દાદા, ચાલોને શિશુવિહાર’.

નાની ત્રણ વર્ષની કૂંજનને શિશુવિહારનું એવું શું ઘેલું લાગ્યું હશે? વિચારું છે ને બાળપણમાં સરી પડું છું. શાળા પૂરી થાયે. ઘરે આવી નાસ્તો કરી શિશુવિહાર પહોંચી જતાં. રમતો રમતાં, રમવાની બસ મજા આવતી. હીંચકા-લપસણાં વગેરે સાધનો આજ કરતાં ઓછાં હતાં. પણ જેણે રમવું જ છે તેને વળી સાધનોની શી જરૂર. સાધન મદદરૂપ થાય, હોય તોયે ઠીક, ન હોય તોયે ઠીક.

હોળી ઉજવાતી બજરંગ વ્યાયામશાળા કરચલિયા પરામાં, પછી દાંડિયારાસ શરૂ થતાં અને આખી રાત ચાલતા. બીજે દિવસે સવારે ધૂળેટી રમાતી. રંગ લ્યોને રંગ લ્યોને અને બીજા ગીતો ગવાતાં, સૌ શિશુવિહાર આવતાં. ત્યાં નાસ્તો કરી છૂટા પડતાં.

રમતો, ગીતો, નાના પ્રવાસો, નાટકો આ વિવિધ પ્રવૃત્તિઓથી વાતાવરણ ગુંજતું રહેતું. ચાલુ શિક્ષણ જે આનંદ અને પ્રસન્નતા નહોતાં આપી શકતાં તે આ પ્રવૃત્તિઓ આપતી. ચાલુ શિક્ષણમાં જે અધૂરપ રહેલી તે અહીં મળતી. જેની બાળ વયે વધુ અને પહેલી જરૂર હતી તે અહીં મળતું હતું. નિશાળમાં શિક્ષણની માહિતીનો ભાવ વેંઢારવાનો હતો, અહીં ભાર વગરની મજા દ્વારા કેળવણી થતી હતી.

આ પ્રવૃત્તિ ચલાવતા હતાં કેટલાક મજૂર ભાઈઓ. બંદર ઉપર બાર્જિસનું રિપેરિંગ તથા બીજા કામ માટે એક વર્કશોપ હતું એ વર્કશોપમાં કામ કરતા કારીગરો, મજૂરો, કોઈ હમાલ હતા, કોઈ વેલ્ડર, કોઈ લેથ કારીગર તો કોઈ ઢોળ કામ કરનાર સૌએ ભેગા મળી કંઈક જાહેર કામ કરવાનો વિચાર કર્યો. તેઓ સૌના આગેવાન હતા માનભાઈ. માનભાઈ પણ કોલસા ભાંગવાથી માંડી ફોરમેન સુધી પહોંચ્યા હતા. સામાન્ય રીતે બધા તેમને ભાઈ કહીને જ બોલાવતા.

માનભાઈ મારા તો મામા. એક વખત તેમની આંગળીએ ચાલવા લાગ્યો. નાનકડી બાબાગાડી હતી. તેમાં પુસ્તકો ભર્યા હતાં. બરફના ગોળાવાળા જેવી ઘંટડી રાખે તેવી ઘંટડી ભાઈ વગાડતા. છોકરાઓ ભેગા થઈ જતાં. માનભાઈ એક પુસ્તક ખોલી બે ચાર પાનાં વાંચતા. કોઈ વાર્તા હોય, જીવન ચરિત્ર હોય કે એવું જ બીજું કાંઈ અને પછી કહેતા, પુસ્તક વાંચવું હોય તો લઈ જાવ. ચાર આના આઠ આના, ડિપોઝિટ. વાંચો, વાંચતા ન આવડતું હોય તો બીજા પાસે વંચાવી સાંભળો અને વાંચતા શીખો.

પુસ્તકની લેવડ દેવડ થતી બાબાગાડી આગળ ચાલતી. સરસ્વતીની બાબાગાડી. અભણ મજૂરોમાં સરસ્વતી પગલી માંડતી હતી. અંધારામાં અજવાળું પા પા પગલી માંડતું હતું. રવીન્દ્રનાથનું કંગાલોને જ્ઞાનહીણાં કરું ના' વ્યવહારમાં આવતું હતું. બાબાગાડી આગળ ચાલતી. બીજી શેરીએ પણ એમ જ. અનેક લોકો જૂની ચોપડી પાછી આપી નવી લઈ જતાં. સાથે વાતો પણ ચાલતી. 'અરે ભાઈ, શું વાંચ્યુ? દલો તરવાડી' ક્યાંક ગાંધીના પ્રસંગો આવતા, તો બીજામાં લોક ગીતો, ક્યાંક સત્યાગ્રહ, ખાદીની વાતો પણ થાય, તો ક્યાંક ગાળ ન બોલીએ, ગમે ત્યાં થૂંકીએ નહીં, જાહેર મિલ્કતને નુકસાન ન થાય, આવી વાતો યે ચાલે. તો કોઈને ફાટલાં કપડાં કેમ સાંધવા, આપણે ગરીબ એટલે થીગડું મારતા કોણ રોકે? આવી વાતો પણ હોય. બીજા રવિવારે મળવાના કોલ દેવાતા ને રવિવાર સાંજની લોકો વાટ જોતાં.

સરસ્વતીની બાબાગાડીએ અનેક લોકોને વિચારતાં સમજતાં કરી લાભ કર્યો હશે. પણ જયમલભાઈ-બચુભાઈએ લખેલાં ગીતો વાંચીએ તો આપણને દેખાય કે આ પ્રવૃત્તિને કેવી સરસ શગ ચડી છે. આ બંને ભાઈઓ મજૂર મંડળના સક્રિય સભ્યો. સારા ગીતો ગાય ને હોંશે હોંશે ગવરાવે. ગીતોની હેલી સાથે હોંશે પણ ઊંચે ઊંચે ચડી બેસતી આજે એ હૈયેથી ઊતરતી નથી. ગાનારા-ગવરાવનાર વચ્ચે સ્નેહના તંતુ જોડાતાં અને એ તંતુએ બંને ભાઈઓ ગીતો, પણ બનાવવા લાગ્યા હતા.

અનેક લોકોએ તેમનાં ગીતો ગાયાં-ગવરાવ્યાં છે. લ્યો, લ્યો તમ્મરના લાકડાનો ભારો. ભાવનગર જિલ્લાની બધી પ્રાથમિક શાળાઓમાં ગવાતું થઈ ગયું. જયમલભાઈનું ગીત

'લેજો લેજો, એ ગણતરિયા છાણાની ગાંસડી...,
સાદ પાડી કો સંતાય, મોળી ઊભી શરમાય'
નીચાં નયણો ઢળાય. હૈયે હોળી પ્રગટાય.

શ્રમજીવી મિત્રો નાટકો ભજવતાં ભજવતાં આ મંડળે ચંદ્રભાઈ ભટ્ટનું 'માડી જાયાં' નાટક પણ બહુ સરસ રીતે ભજવેલું. ઘણી જગ્યાએ એ નાટક ભજવાયેલું. એ નાટકે મજૂર-ખેડૂત વર્ગને જીવવા માટેનો નવો અભિગમ આપ્યો હતો. દબાયેલાં-મુંઝાએલા લોકોને નવો પ્રાણ આપ્યો હતો. આ ગીતો અને નાટકો જોઈએ તો મંડળના સભ્યોમાં કલાની, લોકકલાની ઊંડી સૂઝ દેખાય. જીવનની સુવાસ, જીવનો આનંદ તેમાં દેખાય.

આ મંડળ આનંદ સાથે નવજાગૃત્તિનું કામ કરતું બજરંગ વ્યાયામશાળા અને શિશુવિહાર બે ક્રીડાંગણો, રાત્રિશાળા, ઉત્સવો ચાલતા, અજ્ઞાન, વહેમો, અન્યાય દૂર થાય તેવી પ્રવૃત્તિઓ યોજાતી અંધશ્રદ્ધા અને વ્યસનો દૂર થાય તેવી પ્રવૃત્તિઓ યોજાતી અંધશ્રદ્ધા અને વ્યસનો દૂર થાય તે માટે પણ મથામણ થતી. જ્ઞાતિના ખોટા બંધનો-રિવાજો સામે પણ મંડળના સભ્યો સામનો કરતાં. યાદ આવે છે, ૧૯૪૨ના દિવસો. વર્કશોપમાં વધુ કામ રહેતું. જાહેર પ્રવૃત્તિ ઓછી થઈ શકતી. મોટા વિદ્યાર્થીઓને કામ સોંપી વર્કશોપમાં સમય આપવાનું થતું. મંડળના સભ્યોએ ભેગા મળી નક્કી કર્યુ કે બીજા કામો ઓછા થાય છે તો ખિસ્સામાં એક નાની કાતર રાખી નખ કાપી આપવાનું કામ કરીએ અને તે કામ શરૂ થયું. નવ જાગરણનો યજ્ઞ કોઈને કોઈ રીતે ચાલુ રાખ્યા હતો. એ માત્ર નખ કાપી આપવાનું કામ થોડું હતું? એ તો વર્ષોનો ભરાઈ રહેલો મેલ ધોવાનું કામ હતું. એક બ્રાહ્મણપુત્ર સમાજના નીચલા વર્ગ સાથે ભળી પોતાના અને સમાજના મેલ-ધોયાનું યજ્ઞ કર્મ કરતો હતો.

કવાયતો દ્વારા શિસ્તની તાલીમ અપાતી. કેમ્પો થતાં લડાઈમાં સૈનિકનો ઘોડો બેકાબુ હોય તો ન ચાલે, તેમ મન આંતરદેવ માટે શરીર બેકાબુ હોય તો ન ચાલે. પરિસ્થિતિ સામે લડવામાં સ્વયંશિસ્તની તાલીમ જરૂરી હતી. તે શિશુવિહારમાં મળતી. મુશ્કેલી વેઠવાની ટેવવાળુ ખડતલ શરીર ન હોય તો ઘણીવાર પરિસ્થિતિના આપણે ગુલામ બની રહેવું પડે છે. જ્યારે અહીં તો દેશની ગુલામી દૂર કરવા માટે પણ શરીર મનને ઘડવા હતા. જાણે-અજાણે એ તાલીમ શિસ્તબદ્ધ કવાયત અને શિબિરોમાં મળતી. એક જણ ઉપર લાઠી લઈ દસ જણ તૂટી પડે તે માર સહન કરવાનો અને તેનો સામનો કરતાં કરતાં નિયત લક્ષે પહોંચવાનું. લાકડી સિવાય પણ દસથી બાર જણા દડા મારે તે હસતે મોઢે સહેવાતા, મૂક્કા બાજીની પણ આવી રમતો ચાલતી. કેમ્પમાં ચોકી પહેરો, વિવિધ સંદેશા પહોંચાડવાની રીતો, અજાણી જગ્યાએ રાતવાસો, આવું આવું કંઈક સ્મૃતિપટ પરથી પસાર થઈ જાય છે. ક્યારેક સૈનિકની ફરજ બજાવવાની તાલીમ હતી તો ક્યારેક નાયક બનવાની તાલીમ હતી. આજે સામાન્ય રીતે તાલીમ મળે છે.

નાયક બનવાની અને એટલે સૈનિક કોઈ રહેતા જ નથી. સૌ નાયક જ નાયક. શિશુવિહારે શીખવ્યું કે સાચો સૈનિક કે સાચો સૈનિક જ સારો નાયક થઈ શકે.

કેટલાક દિવસોથી મને તાવ આવતો હતો, પણ કાયમ સાંજે ૫:૩૦ વાગે ઉતરી જતો અને શિશુવિહારમાંથી પાછા આવ્યા પછી ફરી પાછો શરૂ થતો. કેમ થતું તેની ખબર તે વખતે નહોતી પડતી, પણ આજે દેખાય છે કે મન જ્યાં રસ, આનંદ અને તૃપ્તિ અનુભવે ત્યાં શારીરિક માંદગી રોકાઈ જાય. કુદરતી રીતે થયેલી ભૂલોમાંથી રોગ તો આવે જ. પણ મન તેને રોકી રાખી શકે. પ્રસન્નતા માંદગી દૂર કરી શકે. આવું મજબુત મન અને કસાએલું, પોતાના પર કાબૂવાળી ઈન્દ્રિયોથી સજ્જ શરીર બનાવવાનો કસબ શિશુવિહારે શીખવ્યો.

અર્ધશતાબ્દી પછી, સ્વરાજ્ય મળી ગયા પછી પણ એ કસબ માનવજાત માટે એટલે જ જરૂર છે, કારણ કે આંતરિક, સામાજિક કે પ્રકૃતિગત મુશ્કેલીઓ-અવરોધો સામે હજુ ઘણું ઘણું લડવાનું બાકી છે.
અનિલ આત્મારામ ભટ્ટ: સૌજન્ય ભૂમિપુત્ર : વડોદરા ૧૯૮૯

• **શ્રદ્ધાંજલિ:** શિશુવિહારના સમભાવી સભ્ય શ્રી સુરેન્દ્રભાઈ વી.ઓઝાનું ૮૪ વરસની વયે તા.૧૨ નવેમ્બરે દેહાવસાન થતાં સંસ્થાને એક સમભાવી શુભેચ્છકની કાયમી ખોટ પડી છે. સ્વર્ગસ્થ નિષ્ઠાવાન શિક્ષક હતા. શિક્ષણ ખાતાની નોકરીમાંથી નિવૃત્ત થયા બાદ તેઓએ શિશુવિહાર સંચાલિત પ્રણવ બક્ષી વિનય મંદિરના આચાર્ય તરીકે કેટલોક સમય ઉત્તમ સેવા આપી હતી. તેઓશ્રી પોતાના વીલમાં શિશુવિહારની અંધત્વ નિવારણ પ્રવૃત્તિ માટે દાન આપતા ગયા છે. પ્રભુ આ પરોપકારી આત્માને ચિરશાંતિ આપો તેવી પ્રાર્થના છે.

• **સ્કાઉટિંગ પ્રવૃત્તિ:** ૧૧મી અખિલ ભારતીય જામ્બોરી (ભોપાલ)માં ભાગ લેવા જનાર ૧૬ સ્કાઉટ ગાઈડની એક તાલીમ શિબિર યોજવામાં આવી. જેમાં જામ્બોરીની માહિતી, નવા અભ્યાસક્રમની માહિતી તથા કાર્યક્રમોની પ્રેક્ટિસ કરવામાં આવી હતી.

## વર્ષ ૧૯૯૦માં પ્રકાશિત શિશુવિહાર સામયિકોનો સાર
## (એક દસ્તાવેજ)
## ભાગ:-૧

### જાન્યુઆરી

શિશુવિહાર સુવર્ણ જયંતી વર્ષના અંતમાં ‘ કર્મનો સિદ્ધાંત’ પુસ્તકના લેખક, ચિંતક અને પ્રસિદ્ધ વક્તા, પરમાદરણીય શ્રી હીરાભાઈ ઠક્કરનું શ્રીમદ ભાગવત પર તા. ૪થી ૧૫ જાન્યુઆરી સુધી જ્ઞાનસત્ર યોજવામા આવ્યું હતું. દરરોજ સવારે ૭ થી ૧૦ અને સાંજે ૬ થી ૯ તેમના ચિંતનીય પ્રવચનો થતાં જેનો અનેક લોકોએ લાભ લીધો હતો.

• **સ્વ. સુશીલાબહેનને શ્રદ્ધાંજલિ:** વિદ્યાદાન સહાય કરવા શિશુવિહારમાં ઘણાં વરસોથી ચાલતી વિદ્યાર્થીઓ માટેની બુક બેન્કના સ્થાપક તથા ઉદારદિલ દાતા મોડર્ન કન્સ્ટ્રક્શનવાળા સ્વ. છોટાલાલ શંકરભાઈ પટેલના ધર્મપત્ની શ્રીમતી સુશીલાબહેન છોટાલાલ પટેલનું એક જાન્યુઆરીએ થયેલ દેહાવસાનથી સંસ્થા પરિવાર અત્યંત ઊંડા શોકની લાગણી અનુભવે છે અને સદગતનાં આત્માની ચિર શાંતિ માટે પ્રાર્થના કરે છે.

• **નવું પ્રકાશન :** ‘‘વસિયતનામાની અગત્યતા અંગે માર્ગદર્શન’’. પાના ૨૦. કિંમત ટપાલ સાથે : ૯૦ પૈસા

• **સંસ્થાના સમાચાર :** શ્રેણી ૫ થી ૧૨ ના વિદ્યાર્થીઓની જોડણી હરિફાઈ અને ચિત્ર હરિફાઇ યોજવામાં આવી હતી. આઠસો જેટલા વિદ્યાર્થી ભાઈ-બહેનોએ આ હરિફાઈમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. ★ નાનાં બાળકોમાં નાટક વિષે અભિરૂચી કેળવાય અને બાળકોનો સમૂહ સમક્ષ બોલવાનો ક્ષોભ દુર થાય તે માટે સ્વ. યશવંતભાઈ પંડ્યાની સ્મૃતિમાં ૧૫ થી ૨૫ તારીખ સુધી બાલનાટ્ય શિબિર યોજવામાં આવેલ. નાટ્ય શિબિરનું સંચાલન રાજકોટના શ્રી અમુલખભાઈ ભટ્ટે સર્વ શ્રી બટુકભાઈ પંડ્યા, દક્ષાબેન ભટ્ટ ઉષાબેન મહેતાએ કર્યુ હતું.

• **સુવર્ણ જયંતી સહાય :** રૂ. ૧૦,૦૦૦ શ્રી એસ. એમ. પારેખ રૂા ૨૫૦૧ શ્રી દીપકભાઈ આર. હેમાણી. સ્વ. જયાબેન હીરાલાલ શેઠનાં સ્મરણાર્થે. રૂા. ૨૫૦૦ શ્રી તનસુખરાય આઈ. ઓઝા.

સંસ્થાએ તેના સુવર્ણ જયંતી વર્ષમાં સુંદર બાલવન બનાવવાનો સંકલ્પ કર્યો છે. ઉપરોક્ત રકમ બાલવન માટે વપરાશે. બાલવન માટે સુવર્ણ જયંતી વર્ષમાં દાનનો પ્રવાહ ચાલુ રહ્યો છે. શિશુવિહારના વિશાળ પ્રાગણમાં બાલવન પાછળ પાંચેક લાખનો ખર્ચ થશે. તેને પહોચી વળવા બાળપ્રેમી શુભેચ્છકો સહેજે નાની મોટી રકમ સ્વેચ્છાપૂર્વક આપતા રહેશે, તેવી શ્રદ્ધા સાથે કામ શરૂ કરેલ છે.

• **ચક્ષુદાન :** ડિસેમ્બર માસમાં ૭ જોડી ચક્ષુદાન મળ્યાં છે. કુલ ૧૧૫૩ જોડી ચક્ષુદાન ડિસેમ્બર ૮૯ સુધીમાં પ્રાપ્ત થયા છે.

• **રક્તદાન :** સર તખ્તસિંહજી હોસ્પિટલમાં દરદીની સારવારમાં રક્તદાનની જરૂર પડતાં કુમારી પરવીનબેન ફકરૂદીન તળાજાવાળાએ ૩૦૦ સી.સી. રક્તદાન કરેલ છે. આજ સુધીમાં તેમણે ત્રણ વખત રક્તદાન કરેલ છે. આ સાથે શિશુવિહારના રક્તદાતાઓનો કુલ આકડો ૨૩૭૧ નો થાય છે.

• **દેહદાન:** શિહોર મુકામે સ્વ. શ્રી રસિકલાલ કરશનદાસ મહેતાનું દેહવસાન થતાં સ્વર્ગસ્થની ઈચ્છા અનુસાર તેમના મૃતદેહનું દેહદાન કરવામાં આવ્યું. જે આ સંસ્થાવતી ડો. શ્રી ભીમાણી સાહેબ અને ડો. એમ. જી. દેસાઈએ શિહોર જઈ દેહદાન સ્વીકારેલ. આ સમયે ભાવનગર કોર્પોરેશન તરફથી શબવાહિનીની સુવિધા વિના મૂલ્યે પાપ્ત થઈ હતી. ભાવનગર ફાયરબ્રીગેડના સ્ટાફ ભાઈઓની સેવા બદલ હાર્દિક આભાર માનીએ છીએ. મૃતદેહ ભાવનગર આયુર્વેદ મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓના અભ્યાસ અર્થે આયુર્વેદ મહાવિદ્યાલય ભાવનગરને આપવામાં આવ્યો હતો.

• **પાંચ અંધજનો દેખતાં થયાં:** શિશુવિહારના ર.વિ. ગોસળિયા નેત્રકોષ દ્વારા વિમાન માર્ગે મોકલાયેલા ચક્ષુદાન વડે મદુરાઈની અરવિંદ આઈ હોસ્પિટલમાં ત્રણ અને મદ્રાસના આંખના દવાખાનામાં બે દેખતા કરવાના-દૃષ્ટિદાનના ઓપેશનો થયા છે.

ફેબ્રુઆરી

• **પ્રજાસત્તાક દિન :** ૨૬મી ન્યુઆરીના રાષ્ટ્રીય તહેવારે સંસ્થાના પટાંગણમાં સવારે ૭-૩૦ વાગે ધ્વજવંદન રાખેલુ હતું. સ્કાઉટ-ગાઈડના ભાઈ-બહેનોએ તેની શાનદાર તૈયારી કરી હતી. આ વખતનું ધ્વજવંદન સંસ્થાના મોંઘીબેન બધેકા બાલમંદિરના સંનિષ્ઠ શિક્ષિકા શ્રી પુષ્પાબેન પ્રધાનનાં વરદ હસ્તે થયું. ધ્વજવંદન બાદ સ્કાઉટ-ગાઈડના ભાઈ-બહેનોએ ખરી કમાણીનું કામ કરીને જાત મહેનતની તાલીમ લીધી હતી તેને પ્રમાણ પત્રો અપાયા હતા.

• **સુવિચાર કેલેન્ડર પ્રકાશન:** ગુજરાત દિવ્ય જીવન સંઘ દ્વારા ૩૧ દિવસના ૩૧ સુવિચાર વાળુ કેલેન્ડર પ્રકાશિત થવાનું છે. જે કોઈ સદ્‌ગૃહસ્થ કોઈ એક તારીખના સુવિચાર પોસ્ટર નીચે પોતાનું કે પોતાના પ્રિયજનનું નામ છપાવવા ઈચ્છતા હોય તો તેમણે ગુજરાત દિવ્ય જીવન સંઘના નામે રૂા. ૨૦૧ મોકલવાના રહેશે.

• **ડો. શિવાનંદ અધ્વર્યુજી આધ્યાત્મિક પુસ્તકાલય:** દિવ્ય જીવન સંઘ દ્વારા સંચાલિત આધ્યાત્મિક પુસ્તકાલયમાં આશરે વીસ હર પુસ્તકો છે. જેમાં તમામ સંતો, પયગંબરો અને ધર્મોના તમામ વિષયોને લગતા પુસ્તકો છે. પુસ્તકાલયની શરૂઆત ડો. અધ્વર્યુજીએ પૂ. સ્વામી શિવાનંદજીના અસંખ્ય ગુજરાતી-અંગ્રેજી પુસ્તકો ભેટ આપેલા તેનાથી થઈ. તેમા શિશુવિહાર તરફથી સસ્તુ સાહિત્યના તમામ અપ્રાપ્ય પુસ્તકો ઉમેરતા પુસ્તકાલય વધુ સમૃદ્ધ થયુ. લોકમિલાપ ટ્રસ્ટ તરફથી પણ અવારનવાર અનેક ઉમદા પુસ્તકો મળતા રહે છે. ગત માસમાં લોકમિલાપ તરફથી રૂા. ૪૮૦ ના પુસ્તકો ભેટ મળ્યા છે. સંસ્થા તેમનો હાર્દિક આભાર માને છે.

ક્રમશ:





# પ્રકાશન સહાય પેટે જાહેરાત આપવા વિનંતી




વર્ષ ૧૯૪૪થી સતત ૯૨૭ માસથી પ્રકાશિત શિશુવિહાર સામયિક દર મહિને ૪૫૦૦ ગુજરાતી કુટુંબો સુધી માનવ મૂલ્ય તરીકે સમાજમાં સદકાર્યની સુવાસ વિસ્તરે છે. ૩૨ પાનાનાં સંસ્થાના અહેવાલની ડિજિટલ આવૃતિ પણ વાચકો સુધી પહોંચાડીએ છીએ આમ છતાં, વધતા જતા કાગળ અને છાપકામનાં ભાવનાં લીધે હવે સંસ્થા સામયિકનાં પાના નં ૩૧ ઉપર સૌજન્ય જાહેરાત પ્રકાશિત કરવા આયોજન છે.

આપશ્રી આપના ઉદ્યોગ, ઑફિસ, કન્સનની ૧૭ × ૧૧ સેમી, 4 Colour માં જાહેરાત કંપોઝ કરી મેઈલ એડ્રેસ shishuviharbhavnagar@gmail.com ઉપર મોકલી આપશો તો આભારી થઈશું. આપશ્રીને પણ Advertisement Expense તરીકે શિશુવિહાર સંસ્થા રૂ. ૨૫,૦૦૦/- ની રસિદ આપશે, જે આપને ખર્ચમાં 100% બાદ મળવા પાત્ર રહેશે. સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ માટે આપનો આર્થિક સહયોગ મળે છે ત્યારે આપશ્રીને સામયિકના સ્પોન્સર તરીકે રૂ. ૨૫,૦૦૦/- ની જાહેરાત આપવા વિનંતી છે. આભાર સહ

તંત્રી : ડૉ. નાનક ભટ્ટ
મો. ૯૮૯૮૪૬૩૪૮૯

Trushape

Ideas Shaped, Quality Delivered



Trushape

Ideas Shaped, Quality Delivered

ISO

ISO

Trushape Precision Castings Pvt. Ltd.

Survey No. 160,
Bhavnagar - Rajkot Highway,
Sampara, Bhavnagar,
Gujarat - 364060. INDIA

Cell: +91 9601266889
Email: contact@tpclcastings.com
Web: www.tpclcastings.com



REGN.No.BVHO/46/2022-2024 • RENEWED UPTO Dt.31/12/2024
RNI REGISTRATION No. GUJGUJ/2009/30760
Posted at Bhavnagar RMS 17th Every Month


સંસ્થાને અપાતી આર્થિક સહાય 80-G(5) નીચે કરમુક્ત છે,

12A: 01- sub Clause (i) of clause (ac) of sub-section (1) of section 12A Dated 24/9/2021

80-G: 11-Clause (i) of first proviso to sub-section (5) of section 80G Dated 24/9/2021

PAN No.: AACTS4389Q

CSR Regi. No.: CSR00015366 Dated 27/9/2021

બેંકની વિગતો

નામ: '**શિશુવિહાર**'

SBI નેટબેંન્કિગ અકાઉન્ટ નંબર: 32899173982

IFS Code: SBIN0060009

UPI ID : SHISHUVIHAR@SBI

SCAN & PAY

UPI QR CODE

જો આપ UPI ID અથવા QR કોડ સ્કેન કરીને સહાય મોકલી રહ્યા છો તો આપનું નામ, **PAN** નંબર, સરનામું તથા મોબાઈલ નંબર શિશુવિહારના Mo.7043332100 ઉપર મોકલી આપવા વિનંતી છે.

Shishuvihar Bhavnagar

Shishuvihar Bhavnagar

Shishuvihar

Shishuvihar


પરામર્શ સમિતિ

સર્વશ્રી ઈન્દિરાબહેન ભટ્ટ, અનિલભાઈ બોરીચા, દક્ષાબહેન ગોહેલ, મનિષા કણબી, ભાવનાબહેન પંડયા


To.


PRINTED, PUBLISHED AND EDITED BY DR. NANAK M. BHATT ON BEHALF OF SHISHUVIHAR PUBLISHED AT SHISHUVIHAR, NORTH KRISHNANAGAR, BHAVNAGAR (GUJARAT) AND PRINTED AT SUMEET PRINTERS, BEHIND MANUBHAI GANTHIYAWALA, NEAR DSP OFFICE, KASHIVISHWANATH TEMPLE, NAVAPARA, BHAVNAGAR, PIN: 364001. (GUJARAT) INDIA